# પાવરહાઉસના ધુમાડાથી નજીકના સેક્ટરોમાં પ્રદુષણ જેવી સ્થિતિ

## પાવરહાઉસમાંથી નીકળતી ધૂમાડાની રાખ વસાહતીઓના આરોગ્ય માટે ચિંતાનું કારણ બની : ઘરમાં દરરોજ પંખા સહિત વારંવાર કરવી પડતી સફાઇથી ગૃહિણીઓ પરેશાન

ગાંધીનગર તા.૨૪

ગાંધીનગરમાં જીઇબી કોલોની પાસેના પાવરહાઉસને પગલે નજીકના સેક્ટર વિસ્તારમાં ફરી એકવાર પ્રદૂષણની સ્થિતિમાં વધારો થયો હોવાનું અનુભવાઈ રહ્યું છે અને સેક્ટર ૩૦ અને ૨૯ સહિતના આસપાસના વિસ્તારના વસહતીઓના મકાનોમાં પાવરહાઉસની રાખ છવાઈ જવાની સમસ્યાએ માથું ઉંચક્યું છે. સતત ઉડતી આ રાખને કારણે આ વિસ્તારના રહીશોના આરોગ્ય સામવ પણ જોખમ ખડું થવા પામ્યું છે.

ગાંધીનગરના સેક્ટર-૩૦ પાસે પાવરહાઉસ આવેલું છે જેની પાંચ પૈકી ત્રણ ચિમનીઓ તો થોડા સમય પૂર્વે જ તોડી પાડવામાં આવી છે, પરંતુ હજુ પણ બે યુનિટ કાર્યરત છે. છેલ્લાં કેટલાંક દિવસોથી આ ચિમનીઓમાંથી નીકળતાં ધુમાડાની રાખ નજીકના સેક્ટરોના રહેણાંક વિસ્તારોમાં છવાઈ રહી છે. આ રાખને કારણે વસાહતીઓના ઘરમાં સાફ કરેલા પંખા દરરોજ સાફ કરવા પડે તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે અને ઘરમાં પણ વારંવાર સફાઈ કરવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે જેના કારણે ગૃહિણીઓ પરેશાન થઈ ચુકી છે. વળી, પાવરહાઉસની આ રાખ વસાહતીઓના ખોરાક ભળી રહી છે તેમજ શ્વાસોશ્વાસ દ્વારા ફેફસામાં જઈ રહી છે જે તેમના આરોગ્યને ગંભીર નુકશાન પહોંચાડી શકે છે જેના કારણે વસાહતીઓ ચિંતાગ્રસ્ત બન્યાં છે. સેક્ટર-૩૦માં વીર સાવરકરનગર અને સેક્ટર-૨૯માં વંદે માતરમ્ પાર્ક જેવી હાઈરાઈઝ સરકારી વસાહતો સહિત સમગ્ર રહેણાંક વિસ્તાર આ પરિસ્થિતીનો ભોગ બની રહ્યું છે. સતત ચાલતા પાવર હાઉસના ધુમાડાને કારણે સવાર સાંજ આ વિસ્તારમાં પ્રદુષણયુક્ત વાદળછાયા વાતાવરણ જેવો અનુભવ થઈ રહ્યો છે.



## છેલ્લા ૨૪ કલાકમાં નવા કોરોનાના ૧૪ કેસ આવ્યા

ગુજરાતમાં કોરોના તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યો છે. આજે રાજ્યમાં નવા ૧૪ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૫ દર્દીઓ સાજા પણ થઇ ચુક્યા છે. રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર પણ વધીને ૯૮.૭૬ ટકાએ પહોંચ્યો છે. આ ઉપરાંત ૪,૬૩,૦૩૬ ડોઝ વેક્સિનના પણ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજ્યમાં અત્યાર સુધીમાં ૮,૧૫,૦૯૧ નાગરિકો કોરોનાને મ્હાત આપીને ઘરે પણ જઇ ચુક્યા છે. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૬૦ કેસ એક્ટિવ છે. જે પૈકી ૦૪ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૧૫૫ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૫,૦૯૧ નાગરિકો અત્યાર સુધીમાં ડીસ્ચાર્જ થઇ ચુક્યા છે. ૧૦૦૭૯ નાગરિકોનાં કોરોનાને કારણે અત્યાર સુધીમાં મોત થઇ ચુક્યા છે. જો કે આજે કોરોનાને કારણે એક પણ વ્યક્તિનું મોત નિપજ્યું છે. ૨૮ જિલ્લામાં એક પણ કેસ નોંધાયો નથી. ૬ જિલ્લામાં કેસ નોંધાયા છે. અમદાવાદ કોર્પોરેશને ૫, સુરતમાં ૩, વડોદરા કોર્પોરેશનમાં ૩, ભાવનગરમાં ૧ અને કચ્છ તથા સુરત કોર્પોરેશનમાં ૧-૧ કેસ નોંધાયા છે. આ સિવાયના તમામ જિલ્લાઓ અને કોર્પોરેશનમાં આજે એક પણ કેસ નોંધાયો નથી. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.



સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની ભીડ જોવા મળી રહી છે. વરસાદ નથી તેમ છતાં મચ્છરજન્ય રોગચાળો અને પાણીજન્ય રોગચાળો વધ્યો છે. સિવિલના લેબોરેટરી વિભાગ આગળ તપાસ કરાવવા માટે દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે.

## જાણીતા શિક્ષણવિદ ડૉ. જયેન્દ્રસિંહ જાદવની સાહિત્ય અકાદમીના મહામાત્ર તરીકે નિયુક્તિ

ગાંધીનગર તા.૨૪

જાણીતા લેખક, ચિંતક અને શિક્ષણવિદ ડો. જયેન્દ્રસિંહ જાદવની ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર તરીકે નિયુક્તિ કરવામાં આવતા શહેરના સાહિત્ય અને શિક્ષણ વર્તુળમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે.

ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર તરીકે નિયુક્ત કરવામાં આવેલા ડો. જયેન્દ્રસિંહ જાદવ અમદાવાદની ગુજરાત કોમર્સ કોલેજ ખાતે પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવી રહ્યા છે તેમજ તેઓ ગુજરાત સરકારની ટાસ્ક ફોર્સ ઓન નેશનલ એજ્યુકેશન પોલિસીના સભ્ય પણ છે. તેઓ સારા લેખક, ચિંતક અને શિક્ષણવિદ હોવા સાથે એક ઉમદા વ્યક્તિત્વ ધરાવે છે અને સાહિત્ય તેમજ શિક્ષણલક્ષી અનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. તેમની નિયુક્તિ ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યના સાહિત્ય જગત માટે આનંદ અને ગૌરવની ક્ષણ



છે. તેમની કુશળ નેતૃત્વ ક્ષમતા અકાદમીને નવી ઊંચાઇઓ પર લઇ જશે તેવી અપેક્ષા શહેરના શિક્ષણ ક્ષેત્રે અગ્રણીઓ અને સાહિત્યરસીકો દ્વારા વ્યકત કરવામાં આવી રહી છે. ડો. જયેન્દ્રસિંહ જાદવની નિયુક્તિને ચોતરફથી અભિનંદન સાથે વધાવવામાં આવી રહી છે.



જળમાં પ્રતિબિંબિત આ વૃક્ષનો પડછાયો અદલ બને તે માટે જળને સ્થિર થવું પડે છે... તો વળી વૃક્ષ બાવળનું હોવા છતાં પ્રસ્તુત સુંદરતા પ્રાપ્ત કરવા માટે વૃક્ષે પણ નમીને સ્થિર થવું પડે. કો'કનો પડછાયો ઝીલવા અને કો'કની છાયા બનવા ઝૂંકીને સ્થિર થવાનું તો કુદરત જ શીખવે છે. ખરુંને !

## ગણપત યુનિવર્સિટી અને ગુજરાત કેમિકલ એસોસિએશન વચ્ચે એમઓયુ સાઈન થયું !

### ઈન્ડસ્ટ્રી-એકેડેમિયા વચ્ચેના આ કરાર દ્વારા નવા અભ્યાસ સંશોધનો, નવી પ્રોડક્ટ-ડિઝાઈન્સ, નવી ટેકનોલોજી અને ઈન્ડસ્ટ્રીને મોર્ડન એજ્યુકેશન અને ટ્રેઈનિંગ ક્ષેત્રે નોંધપાત્ર ઉત્કર્ષ સાધી શકાશે

ગણપત વિદ્યાનગર, તા. ૨૪

ગુજરાતની પ્રથમ પાંચ પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં પોતાનું આગવું સ્થાન અંકિત કરી ચૂકેલી હાઈટેક એવી ગણપત યુનિવર્સિટી અને ગુજરાત કેમિકલ એસોસિએશન વચ્ચે તાજેતરમાં એક એમઓયુ-મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (સમુજૂતિનો કરાર) સાઈન કરવામાં આવ્યું હતું.

આ સમજૂતીના કરાર ઉપર ગણપત યુનિવર્સિટી વતી પ્રો. સાન્ચેલર અને ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્માએ તો ગુજરાત કેમિકલ એસોસિએશન વતી તેના પ્રેસિડેન્ટ અને સુખ્યાત ઉદ્યોગપતિ ડૉ. જૈમિન વસાએ સહીઓ કરી હતી. આ અવસરે ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ અને પેટ્રન-ઈન-ચિફ પદ્મશ્રી, ગણપતભાઈ પટેલ ઓનલાઈન ઉપસ્થિત રહી આ કરારની સફળતા માટે આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવી પ્રસંગનો વિશેષ મહિમા પણ કર્યો હતો.

ગુજરાત કેમિકલ એસોસિએશનની એક્ઝિક્યુટિવ કમિટીના મેમ્બર અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ (વેપારી મહામંડળ)ની એન્વાયર અને કેમિકલ કમિટીના ચેરમેન શ્રેણિકભાઈ મરચન્ટ, જીસીએના માનદ મંત્રી જિગ્નેશભાઈ શાહ, ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીના ડેપ્યુટી ડિરેક્ટર અને ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટરનેશનલ રિલેશન્સના હેડ કેયૂરભાઈ દરજી તો ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ફાર્મસી અને ફેકલ્ટી ઓફ સાયન્સના એક્ઝિ. ડીન પ્રો. ડૉ. એસ.એસ. પંચોલી, પ્રો. વાઈસ ચાન્સેલર અને એક્ઝિ. રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ, ફેકલ્ટી ઓફ સાયન્સના ડીન પ્રો. ડૉ. અમિત પરીખ સહિત અનેક વિદ્વાન મહાનુભાવો, ટ્રસ્ટીઓ, અભ્યાસુ-સંશોધકો અને વિવિધ ડિપાર્ટમેન્ટ્સના હેડ્ઝ, ફેકલ્ટી મેમ્બર્સ અને ચૂનંદા સીનિયર સ્ટુડન્ટસ પણ ખાસ ઉપસ્થિત રહી એમઓયુ સેરિમનીને વધુ સાર્થક બનાવ્યો હતો.



પવિત્ર શ્રાવણ મહીનામાં ભાવિકો શિવભકિતમાં તલ્લીન બન્યા છે. શ્રાવણના સોમવારે શિવાલયોમાં ભોળાનાથની પુજા અર્ચના માટે વિશેષ આયોજન કરવામાં આવે છે. નગરના સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરમાં પણ હીંડોળા ઉત્સવ અન્વયે આર્યુવેદિક ઔષધના હીંડોળા દર્શનનો ભાવિકોએ લાભ લીધો હતો. મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ મણીલાલ હરગોવનદાસ આર્યુવેદિક હોસ્પિટલ અમદાવાદના હસ્તે પંચદેવ મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી અમિતભાઇ શેઠ અને સે-૨૨ આર્યુવેદિક હોસ્પિટલના વૈદ્ય સંગીતાબેન જોષી, રોહીતભાઇ તેમજ વિષ્ણુભાઇના સહયોગથી હીંડોળા તૈયાર કરાયા હતા. મુખ્ય યજમાન ગૌરાંગભાઇ પટેલ તેમજ નિલકંઠ શાસ્ત્રીની ઉપસ્થિતિમાં હીંડોળાને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. ભાવિકોએ દર્શનનો લાભ લઇ ધન્યતા અનુભવી હતી.

## ડિજીટલ પ્લેટફોર્મથી વૈશ્વિક વ્યાપારમાં વૃદ્ધિ માટે ધંધાકીય તમામ સેક્ટરો માટે એક બજાર ડોટ કોમની શરૂઆત

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી દેશભરમાં હવે ડિજિટલ ક્રાંતિ સર્જાઈ રહી છે. દરેક સેક્ટરમાં ટેકનોલોજીના વધી રહેલા વ્યાપથી તમામ સેક્ટરોને ફાયદો થઈ રહ્યો છે. દેશ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે વેપારને વેગ આપવા માટે વન નેશન વન માર્કેટને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. આવી તમામ ઉપલબ્ધિઓને લઈને વ્યાપર ધંધા કરતા વેપારીઓને વેપાર સરળ બને તે માટે એક બજાર ડોટ કોમ દ્વારા આની પહેલ કરવામાં આવી રહી છે.

આજે એક બજાર ડોટ કોમ વિશે વધુ માહિતી આપતા કંપનીના સીઈઓ ઉષા નંદાકુમારજીએ પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન જણાવ્યુ હતું કે આ પ્લેટફોર્મ દ્વારા ટ્રેડર્સ, ખેડૂતો, એસએમઈ, એમએસએમઈને એક જુથ હેઠળ લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેના દ્વારા માત્ર દેશમાં જ નહી પરંતુ વિદેશમાં પણ ટ્રેડર્સ પોતાની પ્રોડક્ટ વેચી શકશે અને ખરીદી શકશે, તમામ સેક્ટરને એક જુથ હેઠળ લાવી વૈશ્વિક સ્તરે વેપાર વૃદ્ધિ માટે દેશમાં આ પહેલુ પગલુ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં આ પ્લેટફોર્મ દ્વારા અત્યાર સુધીમાં ૧૦૦૦ થી વધુ ટ્રેડર્સ રજીસ્ટ્રર્ડ થઈ ચૂક્યા છે. આગામી એક માસમાં ૩૦ હજારથી વધુ ટ્રેડર્સ જોડાય તેવી સંભાવના છે. ગુજરાતમાં પ્રથમ શરૂઆત કરવા અંગે તેમણે જણાવ્યુ હતું કે ગુજરાત એ બિઝનેસનું ગ્રોથ એન્જીન છે. આગામી છ માસના તામિલનાડુ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને કર્ણાટકમાં લોન્ચ કરાશે.

આજે અમદાવાદમાં ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના લેડીઝ ચેરપર્સન શિલ્પાબેન ભટ્ટ તથા એક બજારના એમડી ઉષા નંદાકુમાર દ્વારા બિઝનેસ વુમન કમિટી સાથે એક સેમિનાર યોજયો હતો. આજના આ સેમિનારમાં અંદાજે ૧૫૦ થી વધુ મહિલા ઉદ્યોગ સાહસિકતા ઉપસ્થિત રહી હતી.

જેમાં તેઓએ ડિઝીટલ પ્લેટફોર્મ વિશેની સમજ કેળવી હતી. જેમાં લેડીઝ ઘરે બેઠા પોતાના સમયમાં આવક મેળવી શકે છે તથા જે લેડીઝ પોતાનો બિઝનેસ, ગૃહ ઉદ્યોગ, બ્યુટી પ્રોડક્ટસ તથા કોઈપણ પ્રકારના બિઝનેસ કરી શકે છે અને આ માધ્યમ દ્વારા ઓછા ખર્ચમાં બિઝનેસ વધારી શકે છે. તેની સમજ આપવામાં આવી હતી અને ફ્રી ટ્રાયલમાં જોડાવવા માટે આ હેલ્પલાઈન નંબર ૧૮૦૦૩ ૦૯૧૩૪૯૫ પર સંપર્ક કરી શકો છે.




શ્રાવણ માસનાં પવિત્ર દિવસોમાં શ્રી વૈજનાથ મહાદેવ મંદિર વાસણીયા ખાતે બપોરે ૩ થી ૬ કલાક સુધી શિવકથાનું ગાન અને રસપાન શ્રી ભારતીબાપુ ભક્તોને કરાવી રહ્યા છે. કથા શ્રવણ કરવા સૌ શિવભક્તોને સુંદરધામ પરિવાર દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## મત્સ્યપાલકો બોટમાંથી જ માછલી તરત વેચી શકશે

વિશ્વના સૌપ્રથમ અને સૌથી કિફાયતી એન્ડ-ટુ-એન્ડ સેટેલાઈટ નેરોબેન્ડ આઈઓટી સોલ્યુશન સ્કાયલો એ આજે તેના 'ફિશ કેચ રિપોર્ટ'ના લોન્ચિંગની જાહેરાત કરી હતી, જે વિશ્વનું સૌપ્રથમ મોબાઈલ કમ્યુનિકેશન સોલ્યુશન છે, અને તે મત્સ્યપાલકો અને બોટના માલિકોને માછલી પકડીને બોટમાં લાવ્યા બાદ તુરંત જ તેને વેચવાની સુવિધા પૂરી પાડે છે. એટલે કે તેઓ દરિયાકાંઠે પહોંચે તે પહેલાં જ તેમણે પકડેલી માછલીઓ વેચવાની સુવિધા પૂરી પાડે છે. બીએસએનએલ,ની ભાગીદારીમાં ઉપલબ્ધ બનાવાયેલો ધ સ્કાયલો ફિશ કેચ રિપોર્ટ મત્સ્યપાલકોને તેમણે પકડેલી માછલીઓની વિગતો મોકલવા અને તેમાં સુધારા કરવાની સરળ સુવિધા પૂરી પાડે છે, જેથી તેઓ દરિયાકાંઠાથી અનેક નોટિકલ માઈલ દૂર હોવા છતાં તેઓ મધદરિયેથી જ તેમણે પકડેલી માછલીઓના વેચાણની પ્રક્રિયા શરૂ કરી શકે છે.

### નહિ ઉપાડાય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘટીને આજે માત્ર ૨૯ ટન જ કચરો એકત્ર થયો હતો.

ગઈકાલે શાખાધિકારીઓની મળેલ બેઠકમાં પણ આ મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. જો કે કમિશનરે તેમની સૂચનાનું પાલન કરવા જણાવ્યુ હતુ એટલુ જ નહિ કીચન વેસ્ટના નિકાલ માટેના જે મશીનો હાલ છે તે સતત ચાલુ રાખી નિકાલની પ્રક્રિયા વેગીલી બને તેના પર ધ્યાન કેન્દ્રીત કરવાની સૂચનાઓ તેમને આપી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન આજે કચરા નિકાલના આ મુદ્દે વસાહત મહાસંઘ દ્વારા સે. ૫ ખાતે એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે. તેમજ આ બેઠક પછી પ્રભારી મંત્રીને આ અંગે આવેદન પત્ર આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

બીજી તરફ સેક્ટરોમાં કચરો તંત્ર દ્વારા નહિ સ્વીકારાતાં હવે ઘણા બધા સેક્ટરોમાં તો રોડ પર લોકો તેનો ખડકલો કરી રહ્યા છે. સેક્ટરોમાં વિવિધ સ્થાનો પર મુકવામાં આવેલ મોટી ડસ્ટબીનો પણ ભરાઈ જવા પામી છે. સે. ૨૩, ૨૪, ૨૦, ૨૧માં તો આવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. શહેરના મોટાભાગના સેક્ટરોમાં ઘર્ષણના બનાવો આજે પણ નોંધાયા છે.

### નોટીસ અપાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તદન નિરસતા સેવી રહ્યા હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. નગરના નવા અને જુના સેકટરોમાં પ્રતિવર્ષ હાથ ધરાતી વેરા વસુલાત ઝુંબેશ અન્વયે ફેબ્રુઆરી મહીનામાં બીલ વિતરણના અંતે માર્ચમાં વેરો વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત વર્ષ દરમિયાન પણ વેરો સ્વીકારવાની પ્રક્રીયા યથાવત હોય છે. પરંતુ વેરા વસુલાતની ઝુંબેશના અંતે પણ નોંધપાત્ર રીકવરી થઈ શકતી નથી જેના લીધે વેરા વસુલાતનો આંકડો હંમેશા નબળો જ પુરવાર થાય છે. શહેરના નવા અને જુના સેકટરોમાં પ્રતિવર્ષ વેરા વસુલાતનુ સવા બે કરોડના માંગણા સામે ઝુંબેશના અંતે માંડ ૪૦ ટકા જ વસુલાત થતી હોવાનુ સ્પષ્ટ થાય છે. આ વર્ષે પણ વેરાના માંગણા સામે માંડ ૪૦ ટકા જેટલી જ વસુલાત થઇ છે. જયારે બાકી માંગણાની રીકવરી માટે તંત્રએ ફરી માથુ ખંજવાળનો વારો આવ્યો છે. કોરોના કાળમાં અત્યાર સુધી બાકીદારોને વેરો ચુકવવા માટે નોટીસ પણ આપવામાં આવી ન હતી જયારે હવે બાકીદારોને વેરા ભરપાઇ કરવા માટે નોટીસ આપવામાં આવશે.

### સમયસર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠાલવે છે. હાલ ધાર્મિક કાર્યક્રમોના આયોજનમાં બધી મર્યાદા છે. પરંતુ રાજકીય સભા, સરઘસો અને રેલી કરવા માટે કોઇ રોકટોક નથી. સરકાર આ ચુંટણીલક્ષી આયોજનો આડેના અવરોધો એક ઝાટકે જ દુર કરી લે છે. કોવિડની ઈફેક્ટ વચ્ચે છેલ્લા બે વર્ષથી જનજીવનમાં સુનકાર પ્રવત્યો છે. કાળમુખા કોરોનાનો ડર હજુ આમ નાગરિકોના માનસપટ પર છે. ત્યારે સરકાર પણ આ મામલે વધુ સંવેદનશીલ બને તેવી આશ સેવાઇ રહી છે. સમાજ સરકાર અને રાજકીય પક્ષો માટે છુટછાટ કે મંજુરીના અલગ અલગ પરિબળોને દુર હટાવી એકજુથ અને સંયમિત બની કોરોના સામે લડત આપે તેવી લાગણી અને માંગણી આમ નાગરિકોમાં પ્રબળ બની છે.

### છૂટછાટો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

● રાજ્યના ૮ મહાનગરોમાં ગણેશોત્સવ દરમ્યાન રાત્રે ૧૧ વાગ્યા સુધી લોકો દર્શન કરી શકે તે માટે આ દિવસો એટલે કે તા.૯ મી સપ્ટેમ્બરથી તા.૧૯ મી સપ્ટેમ્બર દરમ્યાન આ મહાનગરોમાં રાત્રિ કરફયુનો અમલ આ મહાનગરોમાં રાત્રે ૧૨ વાગ્યાથી કરાશે.

● ગણેશ સ્થાપન અને વિસર્જન માટે વધુમાં વધુ ૧૫ લોકોની મર્યાદામાં એક વાહન દ્વારા સ્થાપન-વિર્સજનની મંજૂરી આપવામાં આવશે.

### ધરપકડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રમોદ જાથરે મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે જિલ્લા એસપી નારાયણ રાણેની ધરપકડ કરવા આવ્યા હતા. તેમની પાસે વોરન્ટ માગવામાં આવ્યું હતું. આ ઉપરાંત, તેમને એમ પણ કહેવામાં આવ્યું હતું કે નારાયણ રાણે કેન્દ્ર સરકારમાં કેબિનેટ મંત્રી છે. તેમની ધરપકડ માટે કેન્દ્ર સરકારની પરવાનગી જરુરી છે. જોકે, એસપીએ કહ્યું હતું કે રાણેની પાંચ જ મિનિટમાં ધરપકડ કરી લેવા તેમના પર જોરદાર પ્રેશર છે. બીજી તરફ, ધરપકડ બાદ નારાયણ રાણેના બ્લડ પ્રેશર અને શુગરમાં વધારો થતાં સરકારી ડોક્ટર અને એમ્બ્યુલન્સને ધરપકડના સ્થળે મોકલવામાં આવ્યા હતા. રાણેની ધરપકડ કરાઈ ત્યારે તેમના બંને દીકરા નિતેશ રાણે અને નિલેશ રાણે પણ તેમની સાથે જ હાજર હતા. મહારાષ્ટ્રના પૂર્વ સીએમ અને હાલ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે, ભાજપ નારાયણ રાણેના નિવેદનને ટેકો નથી આપતો, પરંતુ તેમની ગેરકાયદે ધરપકડનો પાર્ટી વિરોધ કરે છે. નારાયણ રાણેના આ નિવેદન પર શિવસેનાના કાર્યકર્તાઓમાં રોષ ફાટી નીકળ્યો હતો. તેમના વિરુદ્ધ રત્નાગીરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. શિવસૈનિકોએ મહારાષ્ટ્રમાં ઠેરઠેર ભાજપના કાર્યાલયો પર પથ્થરમારો કર્યો હતો. મુંબઈમાં રાણેના જુહુ સ્થિત ઘર સામે શિવસૈનિકોએ ભેગા થઈને જોરદાર હલ્લો કર્યો હતો. ભાજપ અને શિવસેનાના સૈનિકો વચ્ચે આ દરમિયાન મારામારી પણ થઈ હતી. બંને જૂથોએ સામસામે પથ્થરમારો શરુ કરતા પોલીસને સ્થિતિ પર કાબૂ મેળવવા લાઠીચાર્જ કરવો પડ્યો હતો.

### ટ્રાયલ માટે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારી યુનિવર્સિટી હોવાને નાતે સરકારનો સહયોગ અને સંસાધનોની ઉપલબ્ધતાને સફળતાનો શ્રેય જાય છે. ક્લિનિકલ ટ્રાયલ માટે ૨૫૦૦ જેટલા લોકોની સાથે મળીને ઈમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવાનો પ્રયોગ કરાયો હતો. હ્યુમન અને બાયોલોજીકલ એથીકલ કમિટીમાં આ પ્રક્રિયા સ્ક્રીન કરી હતી, આજે ૬ મહિનાના અંતે એક સફળ દવાના સ્વરૂપે લોકો વચ્ચે પહોંચવા જઈ રહી છે. ઉલ્લેખનીય છે કે કોરોના વાયરસની કોઈ દવા હજી સુધી શોધાઈ નથી એવામાં વિવિધ દવાઓનો ઉપયોગ કોરોનાથી રક્ષણ મેળવવા માટે કરાઈ રહ્યો છે. ઈમ્યુરાઈઝ નામની આયુર્વેદિક દવાનો કોરોનાના દર્દીઓ માટે ઉપયોગ સફળ રહેતા હવે આઈસીએમઆરએ ત્રીજા તબક્કાની મંજૂરી આપી છે. ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસર ડોકટર રાકેશ રાવલ તથા આયુર્વેદિક ડોક્ટર અક્ષય સેવકની ઈમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવા સફળતા તરફ આગળ વધી રહી છે. ઈમ્યુરાઈઝ નામની દવાનું એનિમલ ટેસ્ટિંગ અનેક મહિનાઓ પહેલા સફળતા સાથે પૂર્ણ કરાયું હતું. ઈમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવાના પ્રયોગથી દર્દીની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. કોરોના એસીમટોમેટિક અને માઈલ્ડ ફીવર હોય તેવા દર્દીઓને દિવસમાં બે ટાઈમ ૪ - ૪ ટેબ્લેટ લેવાની રહે છે.

### હાઈજેક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અન્ય સ્થળાંતર યોજનાઓ પણ સફળ થઈ નહીં કારણ કે અમારા લોકો એરપોર્ટ સુધી પહોંચી શક્યા ન હતા. એજન્સીના જણાવ્યા અનુસાર આ વિમાનને હાઈજેક કરનારા તમામ શસ્ત્રોથી સજ્જ હતા. આ વિમાન કોને મળ્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. યુક્રેન સતત તેના લોકોને અફઘાનિસ્તાનથી બચાવી રહ્યું છે. માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૮૩ લોકોને કાબુલથી કિવ લાવવામાં આવ્યા છે. તેમાં ૩૧ યુક્રેનિયન નાગરિકોનો સમાવેશ થાય છે. અફઘાનિસ્તાનમાં હજુ બંધ ૧૦૦ થી વધુ યુક્રેનિયન નાગરિકો છે, તેમને બહાર લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અફઘાનિસ્તાન પર તાલિબાનોના કબજા બાદથી કાબુલ એરપોર્ટ પરથી લોકોને બચાવવામાં આવી રહ્યા છે.